EDII

The Economic Times (Guj.)

July 6, 2016
Page No. 2

# ઈન્ફીના સહસ્થાપક ક્રેડલ એડવાઈઝરીના બોર્ડના ચેરમેન

ઇટી બ્યુરો
અમદાવાદ

ઓંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ) અમદાવાદ દ્વારા નવા બિઝનેસ આઈડિયાને ઉત્તેજન અને સહકાર આપવા માટે ક્રેડલ (સેન્ટર ફોર એડવાન્સિંગ એન્ડ લોંચિંગ એન્ટરપ્રાઈઝ) ની શરૂઆત કરવામાં આવી છે. ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી તેમજ ઓંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ બોર્ડના સહયોગથી ક્રેડલને વિકસાવવામાં આવ્યું છે. આ ક્રેડલ ઈન્ક્યુબેટર ઉત્પાદન, ફૂડ તથા ખેતી, પુનઃપ્રાપ્ય ઉર્જા અને હેલ્થકેર જેવા ક્ષેત્રોમાં ઉભરતા સ્ટાર્ટઅપ્સને મદદ કરશે. ઈન્ફોસીસના સહ સંસ્થાપક એસ ગોપાલાક્રિષ્નન તેના એડવાઈઝરી બોર્ડના ચેરમેન પદે રહેશે.



**એસ. ગોપાલક્રિષ્નન્**
ચેરમેન, એડવાઇઝરી બોર્ડ, ક્રેડલ

ઈડીઆઈ ખાતે મંગળવારે આ અંગેની જાહેરાત માટે યોજાયેલી પત્રકાર પરિષદમાં ક્રેડલ અંગે વાત કરતા ઈડીઆઈના ડિરેક્ટર સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, "અમારો મુખ્ય ઉદ્દેશ આગામી વર્ષોમાં દર વર્ષે એક કરોડ નોકરીઓ ઉભી કરવાનો છે. પ્રારંભિક તબક્કામાં ક્રેડલ દર વર્ષે ૧૦ જેટલા ટેક્નોલોજી આધારિત સ્ટાર્ટઅપ્સને ટેકો આપશે. આ ઉપરાંત ઈન્ક્યુબેટર સ્ટાર્ટઅપ્સને કાયદાકીય, આર્થિક, તકનિકી અથવા તો આઈપીઆરને લગતું માર્ગદર્શન પણ પૂરું પાડશે જેથી સ્ટાર્ટઅપ્સ તેમની વેપારને લગતી ક્ષમતાઓ વિકસાવી શકે. આ ઈન્ક્યુબેટર શૈક્ષણિક સંસ્થાઓ ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ દ્વારા સ્ટાર્ટ અપના ઝડપી વિકાસ માટે પણ માર્ગદર્શન આપશે. આ વર્ષે ઈન્ક્યુબેટર ૩૦ જેટલા સ્ટાર્ટ અપ્સને મદદ કરશે.ઈન્ફોસિસ કંપનીના સહસ્થાપક અને ક્રેડલના એડવાઈઝરી બોર્ડના ચેરમેન પદ્મભૂષણ એસ ગોપાલાક્રિષ્નને જણાવ્યું હતું કે, "દેશમાં સ્ટાર્ટ અપ્સ માટે પ્રોત્સાહનજનક માહોલ ઊભો થયો છે ત્યારે ટેક્નોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર્સના વિકસાવવા જરૂરી છે. સ્ટાર્ટ અપ માટે કોઈ જ ઉંમર કે ચોક્કસ ડીગ્રીની જરૂર નથી હોતી. કોઈને ૧૮ વર્ષથી નાની ઉંમરે કે કે ડિગ્રી મેળવ્યા પહેલાં જો સ્ટાર્ટ અપનો વિચાર આવે તો તેને પ્રોત્સાહન મળવું જ જોઈએ. ઈડીઆઈ પાસે પહેલાંથી જ સ્ટાર્ટ અપને પ્રોત્સાહન આપવા માટેના સ્ત્રોત ઉપલબ્ધ છે, જેનો હવે વધુ ઉપયોગ થઈ શકશે."